# ધાનેરા વિસ્તારમાંથી બે બોગસ તબીબ ઝડપાયા





ધાનેરા વિસ્તારના કેટલાક ગામડાઓમાં પણ બોગસ તબીબો લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે ત્યારે આરોગ્ય વિભાગની ટીમ દ્વારા તાલુકાના શેરગઢ અને ધર્ણોધર ગામે દરોડા પાડી બે બોગસ તબીબોને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે આરોગ્ય વિભાગ દ્વારા આ બંને તબીબો સામે લાલ આંખ કરતાં અન્ય બોગસ તબીબોમાં ફફડાટ મચી જવા પામી છે.

# બનાસકાંઠામાં ગૃહ ઉદ્યોગના નામે મહિલાઓ સાથે છેતરપિંડી

### ૨૮૦ મહિલાઓ સાથે રૂ.૨૭ લાખની છેતરપિંડી થઇ હોવાની રાવ

પાલનપુર, તા. ૪

સરહદી બનાસકાંઠા જિલ્લામાં ધોખાઘડી અને છેતરપીંડીના વધતા જતા બનાવોમાં વધુ એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં ગૃહઉદ્યોગના નામે ૨૮૦ જેટલી મહિલાઓ સાથે રૂ.૨૭ લાખની છેતરપીંડી આચરી હોવાનું બહાર આવ્યું છે. જેમાં ખોટા ચેક આપી છેતરપિંડી આચરાઈ હોવાની રાવ ઉઠી છે. મહિલાઓ પાસે કામ કરાવી છેલ્લા બે મહિનાથી પગાર ચૂકવાયો ન હોવાના આક્ષેપો ભોગ બનનાર મહિલાઓએ કર્યા હતા.

બનાસકાંઠા જિલ્લાની બહેનો સાથે ગૃહ ઉદ્યોગના નામે થયેલી છેતરપિંડીમાં જિલ્લાની ૨૮૦ જેટલી બહેનો ભોગ બની છે. નિકુંજ નામના ઈસમે છેતરપિંડી આચરી હોવાનો બળાપો મહિલાઓએ ઠાલવ્યો હતો. રોનકબેન અને નેહાબેન ની ભલામણથી બહેનો આ કામમાં જોતરાઈ હતી. જેમાં ચણીયા ચોળી બનાવવા સહિતની કામગીરી મહિલાઓ કરતી હતી. ?.૨૭ લાખ જેટલી રકમ સલવાઈ હોવાની રજુઆત માટે ભોગ બનનાર મહિલા ઓ કલેકટર કચેરી ખાતે દોડી આવી હતી. જ્યાં તેઓએ ન્યાયની ગુહાર લગાવી હતી.

# પાલનપુર આરટીઓ કચેરીમાં ડીટેઈન કરેલી બસમાં આગ લાગતા અફરાતફરી



પાલનપુર

પાલનપુર આર. ટી. ઓ. કચેરીમાં ઉભેલી બસમાં રવિવારે મોડી સાંજે આગ લાગતાં ભારે અફરાતફરી મચી જવા પામી હતી. જ્યાં પાલનપુર પાલિકાના ફાયર ફાયટર સાથે દોડી આવેલા સ્ટાફે પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. પરંતુ ત્યાં સુધીમાં બસ બળીને ખાખ થઈ ગઈ હતી. ઉલ્લેખનીય છે કે, બસને ડિટેઈન કરી આરટીઓ કચેરી લવાઈ હતી. આગ લાગવાનું કારણ અકબંધ રહ્યું છે.

# પાલનપુર નગરપાલિકા પ્રમુખ સામેની અવિશ્વાસની દરખાસ્તનો ૫મી માર્ચે ફૈંસલો

### પ્રમુખ વિરુદ્ધ શાસક પક્ષના સભ્યોમાં અસંતોષ

વિવાદોનો પર્યાય બનેલી ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકા ફરી એક વાર પ્રમુખ વિરુદ્ધ રજૂ થયેલી અવિશ્વાસ ની દરખાસ્ત ને લઈ વિવાદો માં સપડાઈ છે. કોંગ્રેસ ના ૧૭ સભ્યો દ્વારા શોચાલય અને રાજીવ આવાસ યોજના માં પ્રમુખના કથિત કૌભાંડ મામલે અવિશ્વાસ નો પ્રસ્તાવ રજૂ કરવામાં આવતા પાલીકા નું રાજકારણ ગરમાયુ છે. જોકે, અવિશ્વાસના પ્રસ્તાવનો ફેંસલો કરવા માટે ૫મી માર્ચે બેઠક મળશે. જેમાં પ્રમુખના ભાવિનો ફેંસલો થશે.

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકા ચેક ઉચાપત, રાજીવ આવાસ, શૌચાલય પ્રકરણ તેમજ ધન કચરા ની કામગીરી ને લઈ વિવાદો માં સપડાઈ છે. જેમાં ખુદ ભાજપના નગરસેવક અમૃત જોષી દ્વારા પાલીકા પ્રમુખ અશોક ઠાકોર સામે ડોર ટુ ડોર ઘન કચરા ના નિકાલ ની કામગીરી માં કરોડો નો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યા હોવાની ગાંધીનગર કમિશ્નરને લેખિત રજુઆત કરવામાં આવતા ભાજપ માં ભડકો થયો હતો.

દરમિયાન, વિપક્ષ કોંગ્રેસના ૧૭ નગર સેવકો દ્વારા પ્રમુખ સામે ભ્રષ્ટાચાર આચરવા અને મનસ્વી વહીવટ ચલાવવા મામલે અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરવામાં આવતા પાલિકામાં રાજકીય ભૂકંપ સર્જાયો છે.

દરમિયાન, પાલિકા પ્રમુખ સામેની અવિશ્વાસ પ્રસ્તાવને લઈને આગામી તા.૫ માર્ચ ૨૦૨૦ ને ગુરુવાર ના બપોરે ૧૨:૩૦ કલાકે નગર પાલિકા ની જનરલ બોર્ડ ની સામાન્ય સભા બોલાવવા માટે એજન્ડા બહાર પડાતા પાલીકા ના રાજકારણ માં ગરમાંવો છવાયો છે. જે બેઠકમાં પાલિકા પ્રમુખના ભાવિનો ફેંસલો થશે.

## પાલીકામાં શાસન બચાવવા ભાજપ મેદાનમાં

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા ના પ્રમુખ આશોક ઠાકોર સામે કોંગ્રેસ ના સભ્યો દ્વારા અવિશ્વાસ નો પસ્તાવ રજૂ કરવામાં આવતા ભાજપ ના મોવડી મંડળ દ્વારા પાલીકા માં શાસન બચાવવા માટે તાત્કાલિક ધોરણે બોર્ડ ની બેઠક બોલાવવા આદેશ કરવા માં આવ્યો હોવાનું પ્રમુખે જણાવ્યું હતુ.

# ડીસા પાલિકા પ્રમુખ અનિશ્ચિત મુદતની રજા ઉપર ઉતરી ગયા

### ભાજપ શાસિત પાલિકા ફરી વિવાદમાં સપડાઈ : અવનવી અટકળોનું જોર

ડીસા, તા.૪

બનાસકાંઠા જિલ્લાની ભાજપ શાસિત ડીસા નગરપાલિકાના ૧૩ સભ્યોએ હોદ્દા પરથી રાજીનામું આપતા છવાયેલ ગજગ્રાહ વચ્ચે દોડી આવેલ ભાજપ મોવડી મંડળ દ્વારા 'ડેમેજ કંટ્રોલ' માટે બેઠક યોજાઇ હતી જેમાં ભાજપના મોવડી મંડળના સભ્યોએ બંને પક્ષોની રજુઆતો સાંભળી હતી.જોકે ત્યારબાદ પ્રમુખ બુધવારે એકાએક અનિશ્ચિત મુદતની રજા ઉપર ઉતરી જતા સમગ્ર શહેરમાં આ મામલે અનેક પ્રકારની ચર્ચાએ જોર પકડ્યું છે

ડીસામાં ભાજપ શાસિત નગરપાલિકામાં છેલ્લા ઘણા સમયથી આંતરિક વિખવાદ વધી ગયો હતો અને આ આંતરિક વિખવાદ સપાટી ઉપર આવતા ડીસા નગરપાલિકા પ્રમુખ શિલ્પાબેન માળી ભાજપના જ સભ્યોની રજૂઆત ન સાંભળતા તેમના વિસ્તારમાં વિકાસના કામો ન થતા અને મનસ્વીપણે વહીવટ ચલાવતા હોવાના આક્ષેપો સાથે ભાજપના ૧૧ અને અપક્ષના બે મળી કુલ ૧૩ સભ્યોએ શહેર ભાજપ પ્રમુખને રાજીનામા ધરી દીધા હતા.

તે બાદ ભાજપ મોવડી મંડળ દ્વારા ચારેક દિવસ અગાઉ ડીસા એપીએમસી ખાતે નારાજ જૂથને મનાવવા માટે બેઠક યોજાઇ હતી જેમાં મહેસાણા જિલ્લા ભાજપ મહામંત્રી અશોક ચૌધરી અને સાબરકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ જે. ડી. પટેલે બન્ને પક્ષની રજુઆત સાંભળી આંતરિક અસંતોષ ડામવાની કવાયત હાથ ધરી હતી જો કે ત્યાર બાદ ગૂંચવાયેલા કોકડા વચ્ચે બુધવારે અચાનક પાલિકા પ્રમુખ શિલ્પાબેન માળીએ પોતે અનિશ્ચિત મુદતની રજાનો રિપોર્ટ ચીફ ઓફિસરને આપી દીધો હતો પાલિકા પ્રમુખ આ રીતે એકાએક રજા ઉપર જવાની બાબતને લઈ સમગ્ર શહેરમાં વિવિધ ચર્ચાએ જોર પકડ્યું છે .જેથી પાલિકા ફરી એકવાર વિવાદોમાં સપડાઈ છે.

## હું પણ રજા ઉપર : ચીફ ઓફિસર

આ બાબતે પાલિકા ચીફ ઓફિસર ઉપેન્દ્ર ગઢવીનો ટેલિફોનિક સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે પાલિકા પ્રમુખ દ્વારા અનિશ્ચિત મુદતની રજાનો રિપોર્ટ કરવામાં આવ્યો છે પરંતુ હું પણ રજા ઉપર હોઈ તેમની રજાનો રિપોર્ટ જે તે અધિકારી ચાર્જમાં હશે તે આ બાબતે કાર્યવાહી કરશે તેમ ઉમેર્યું હતું.

# લાખણીના ગેળા શ્રીફળિયા હનુમાન મંદિરમાં ચોરી





લાખણી તાલુકાના વિખ્યાત ગેળા શ્રીફળિયા હનુમાન મંદિરને નિશાન બનાવી અજાણ્યા તસ્કરો દાનપેટીમાંથી રોકડ અને દાદાના ઝુંમર ચોરી ગયા હતા.

ગેળા ગામે શ્રીફળિયા હનુમાન દાદાનું ઐતિહાસિક મંદિર આવેલ છે જે શ્રીફળોના પર્વતથી જગ વિખ્યાત છે જ્યાં દર શનિવારે જનમેદની ઉમટી પડતા લોકમેળો ભરાય છે જે આસ્થા સ્થાનકને નિશાન બનાવી રાતના સમયે ત્રાટકેલા અજાણ્યા તસ્કરો દાન પેટીમાંથી રોકડ અને હનુમાન દાદાના ૪૦ થી ૪૫ ઝુંમર ચોરીને પલાયન થઈ ગયા હતા વહેલી સવારે ચોરીની જાણ થતાં ગામલોકો ઉમટી પડ્યા હતા અને મંદિરને પણ ન છોડતા તસ્કરો ઉપર ફિટકાર વરસાવ્યો હતો. બાદમાં સરપંચે આ મામલે થરાદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેથી દોડી આવેલી પોલીસે મંદિરમાં લગાવેલ સીસી ટીવી કેમેરાના ફૂટેજ તપાસી તસ્કરોનું પગેરું મેળવવાના પ્રયાસો હાથ ધર્યા છે.

જો કે અગાઉ પણ આ મંદિરે ચોરીનો પ્રયાસ થયો હતો અને ગામની જવેલર્સની દુકાનમાં પણ ચોરી થઈ હતી તેમજ ગામને અડીને આવેલા લાલપુર ગામે પણ ગોગા મહારાજના મંદિરે ચોરી થઈ હતી.

# ધનિયાણા પાસે બાઈકની અડફેટે ૪ વર્ષના બાળકનું મોત

### ટક્કર મારી અજાણ્યો બાઈક ચાલક ફરાર

પાલનપુર

પાલનપુરના ધનીયાણા પાસે અજાણ્યા બાઈક ચાલકે ચાર વર્ષના બાળકને અડફેટે લેતાં ગંભીર ઈજા થતા તેનું કરૂણ મોત થયું હતું. આ અંગે પાલનપુર તાલુકા પોલિસે અજાણ્યા ઈસમ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સરહદી બનાસકાંઠા જીલ્લામાં માર્ગ અકસ્માતો ચિંતાજનક હદે વધી રહ્યા છે. ત્યારે પાલનપુરના ધનિયાણા ચોકડી પર વધુ એક અકસ્માતમાં ૪ વર્ષીય બાળકનો ભોગ લેવાયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, અમીરગઢ તાલુકાના ખજૂરીયાના વતની વિનોદભાઈ લાડુભાઈ રોહીસા હાલમાં મોતીપુરા પાસે વસંતભાઈના ખેતરમાં પત્નિ અને ત્રણ દિકરા સાથે ખેતમજૂરી કરી છે. આજે વહેલી સવારે કુદરતી હાજતે જવા પુત્ર દિપકને લઈ તેની માતા ફીરકીબેન માર્ગ ઓળંગી રહ્યા હતા.

દરમિયાન, અજાણ્યા બાઈક ચાલકે ટક્કર મારતા ૪ વર્ષીય બાળક દીપકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયો હતો. ત્યારે ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

દરમિયાન, અકસ્માત કરી ફરાર થઈ ગયેલા બાઈકચાલકનું હેલ્મેટ અને તેના એક પગનો બુટ પર સ્થળ ઉપરથી મળી આવ્યો હતો. પોલીસે અજાણ્યા બાઈક ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જોકે, શ્રમજીવી પરિવારના બાળકનું મોત થતાં પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું.

# આજથી ધો. ૧૦-૧૨ની બોર્ડની પરીક્ષાઓનો પ્રારંભ

### સાબરકાંઠામાં ૮૩૨૫૦ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે : ૧૩૬ બિલ્ડીંગોમાં સીસીટીવી કેમેરા બાજ નજર રાખશે

હિંમતનગર, તા. ૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડની ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષા આજે ગુરૂવારે તા. ૫ માર્ચથી શરૂ થશે ત્યારે તેમાં સાબરકાંઠા જિલ્લામાં ત્રણેય વિદ્યાશાખાઓના મળી અંદાજે ૮૩૨૫૦ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે જેના માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે. અને પરીક્ષા દરમ્યાન કોઈ ગેરરીતી થાય નહી તે માટે વહીવટીતંત્ર દ્વારા તમામ પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી કેમેરાથી સજ્જ કરી દેવાયા છે. પરીક્ષા આપનાર પરીક્ષાર્થીઓને રીસીપ્ટ તથા બેઠક નંબર પણ ફાળવી દેવામાં આવ્યા છે જો કે પ્રથમ દિવસે પરીક્ષાર્થીઓને ફુલ આપી સ્વાગત કરી કુમકુમ તિલક કરીને શુભેચ્છા પાઠવવામાં આવશે.

આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ વ્યાસના જણાવાયા મુજબ ધો. ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ આગામી તા. ૫ મી માર્ચથી સમગ્ર ગુજરાતમાં શરૂ થનાર છે. ત્યારે તેમાં સાબરકાંઠા જિલ્લામાં આવેલી ધો. ૧૦ અને ૧૨ની સામાન્ય તથા વિજ્ઞાન પ્રવાહના મજીને અંદાજે ૮૩૨૫૦ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપનાર છે. જે વિદ્યાર્થીઓ અત્યરે તનતોડ મહેનત કરીને પોતાના કારકિર્દી વર્ષમાં સારો દેખાવ કરવા માટે અથાગ પ્રયાસ કરી રહ્યા છે. જેના ભાગરૂપે તા. ૫ માર્ચથી ૨૫ માર્ચ સુધી યોજાનાર આ બોર્ડની પરીક્ષા વિદ્યાર્થીઓનું ભાવિ નક્કી કરશે.





ધો. ૧૦ની વાત કરીએ તો આ વર્ષે ધો. ૧૦માં ૬૯૧૬૨ વિદ્યાર્થીઓ સાબરકાંઠા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં આવેલ પરીક્ષા કેન્દ્રોના ૭૮ બિલ્ડીંગોમાં બેઠક વ્યવસ્થા ગોઠવી દેવાઈ છે. બેઠક વ્યવસ્થા માટે ૯૭૫ બ્લોક તૈયાર કરાયા છે. જે પૈકી ૯૭૧ બ્લોકમાં સીસીટીવી કાર્યરત રહેશે. તથા તમામ પરીક્ષા દરમ્યાન સ્થાનિક અને વિજીલન્સ સ્કોર્ડના અધિકારીઓ બાજ નજર રાખીને ચોરી ન થાય તેનું ખાસ ધ્યાન રાખશે.

ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, વિજયનગર સહિતના અન્ય સ્થળે પરીક્ષા આપનાર અંદાજે ૧૧૧૬૦ પરીક્ષાર્થીઓ માટે જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના માર્ગદર્શન હેઠળ ૪૦ બિલ્ડીંગોમાં ૩૭૨ બ્લોકમાં બેઠક વ્યસ્થાને તંત્ર દ્વારા આખરી ઓપ આપી દેવાયો છે. હોંશિયાર તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે ખુબજ અગત્યની ગણાતી ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં આ વર્ષે અંદાજે ૨૯૨૮ વિદ્યાર્થીઓ પરીક્ષા આપનાર છે ત્યારે તેમના માટે બોર્ડ નક્કી કરેલા પરીક્ષા કેન્દ્રોના ૧૮ બિલ્ડીંગોના ૧૭૬ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના તમામ બ્લોકમાં બોર્ડના નિયમ મુજબ સીસીટીવી કેમેરા ફરજીયાત કરાયા છે. જેની ચકાસણી જિલ્લાના વહીવટીતંત્ર દ્વારા અગાઉથી જ કરી લેવામાં આવી હતી.

# પ્રાંતિજ શ્રી ઘનશ્યામ લાલાજીની હવેલી ખાતે રસિયા મહોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શ્રી ઘનશ્યામ લાલાજીની હવેલી ખાતે રસિયા મહોત્સવની ધામધૂમથી ઉજવણી



કરવામાં આવી હતી જેમાં વૈષ્ણવ સમાજના લોકો ઝુમી ઉઠ્યા હતા.

પ્રાંતિજ હનુમાન ચોક પાસે આવેલ શ્રી ઘનશ્યામ લાલાજીના મંદિર ખાતે મંદિર વ્યવસ્થાપકો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ હોળી નજીક આવતાં હોળી મહોત્સવ રસિયા મહોત્સવનું આયોજન શ્રી ઘનશ્યામ લાલાજીની હવેલી ખાતે કરવામાં આવ્યું હતું જેમાં અમદાવાદથી આવેલ રસિયાઓએ પોતાના મધુર અવાજથી મંદિર ખાતે ઉપસ્થિત સૌ કોઈ વૈષ્ણવ સમાજના લોકોને મંત્ર મુગ્ધ કરી દીધા હતા.

ભકતો પણ ભગવાન કૃષ્ણ સાથે હોળી રમ્યા હોય તેવો એહસાસ થયો હતો જયારે અહીં દર વર્ષે ફુલોની હોળી રમ્યા છે અને મંદિર વ્યવસ્થાપકો દ્વારા દર વર્ષે રસિયા મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. જેમાં પ્રાંતિજ સહિત આજુબાજુમાં રહેતા વૈષ્ણવ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને ફુલોની હોળી રમે છે અને રાસ, ગરબા સહિતના કાર્યક્રમો યોજાય છે. મંદિર ખાતે ફુલોની હોળી રમતા વૈષ્ણવ સમાજના લોકો ઝુમી ઉઠ્યા હતા અને સમગ્ર મંદિર સંકુલમાં ફુલોનો વરસાદ કરવામાં આવતા સમગ્ર મંદિર સંકુલ સુગંધીત થઈ ગયું હતું અને સમગ્ર મંદિર સંકુલમાં ભક્તિમય વાતાવરણ બન્યું હતું અને ફુલોની હોળી રમવામાં આવી હતી અને રસિયા મહોત્સવનો દર વર્ષની જેમ આ વર્ષે પણ ખુબજ સુંદર રીતે આનંદ માણ્યો હતો.

# વિંછી ગામની સીમમાંથી પસાર થતી ઈકોએ ટક્કર મારતા બાળકીનું મોત

હિંમતનગર, તા. ૪

પોશીના તાલુકાના વિંછી ગામની સીમમાંથી અઠવાડીયા અગાઉ પસાર થઈ રહેલ ઈકો કારના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી રોડની સાઈડમાં ચાલતી જતી એક બાળકીને હડફેટે લઈ ટક્કર મારતા આ બાળકીનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યુ હતુ જે અંગેની ફરીયાદ મંગળવારે ખેરોજ પોલીસસ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે વિંછી ગામના માલજીભાઈ મણાભાઈ ગમારે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ સવારના સુમારે વિંછી ગામની સીમમાંથી પસાર થઈ રહેલ ઈકો કાર નં. જીજે-૦૯-બીએ-૩૬૧૭ના ચાલકે ગફલતભરી રીતે ઈકો હંકારીને જઈ રહ્યો હતો ત્યારે માલજીભાઈ ગમારની આઠ વર્ષની દિકરી શુભનાબેનને ઈકો કારના ચાલકે રોડની સાઈડમાં કાર હંકારી શુભનાબેનને હડફેટે લીધી હતી જેથી આઠ વર્ષની બાળકીને ગંભીર ઈજા થતા સારવાર માટે ખસેડાઈ હતી જ્યાં આ બાળકીનું મોત નિપજતા માલજીભાઈ ગમારે ઈકો કારના ચાલક વિરૂદ્ધ મંગળવારે ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# હિંમતનગર પાલિકા દ્વારા બીજા દિવસે વધુ ૧૫ દબાણોનો સફાયો કરાયો

### વખારીયાવાડ, મેઈન બજારમાંથી કાચાપાકા દબાણોને હટાવી દેવાયા

હિંમતનગર, તા. ૪

હિંમતનગર નગરપાલિકા દ્વારા મંગળવારથી શરૂ કરાયેલી દબાણ હટાવ ઝુંબેશ બુધવારે પણ યથાવત રખાઈ હતી અને શહેરના ભરચક વિસ્તારોમાંથી વધુ ૧૫ કાચાપાકા દબાણોનો સફાયો કરી દેવામાં આવ્યો હતો જેને લઈને દબાણકર્તાઓમાં ભયની લાગણી ફેલાઈ છે. જ્યારે શહેરના કેટલાક લોકો નગરપાલિકાની આ કામગીરીથી ખુબજ પ્રભાવિત બન્યા છે.

નગરપાલિકાના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ મંગળવારથી શરૂ કરાયેલી દબાણ હટાવ ઝુંબેશ બુધવારે પણ યથાવત રાખવામાં આવી હતી જેને લઈને નગરપાલિકાએ અગાઉથી જ હિંમતનગર બીડીવીજન પોલીસ સ્ટશનમાં જાણ કરીને બંદોબસ્તની વ્યવસ્થા કામ શરૂ કરતા અગાઉ કરી લીધી હતી. ત્યારબાદ પાલિકાના દબાણ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સહિત પોલીસના જવાનોની ઉપસ્થિતિમાં સવારના સુમારે દબાણ હટાવની કામગીરી શરૂ કરી હતી.

દબાણ હટાવ કામગીરી દરમિયાન બજાર વિસ્તાર તથા વખારીયાવાડ વિસ્તારમાં આવેલ અંદાજે ૧૫ થી વધુ કાચા અને પાકા દબાણોનો સફાયો કરીને દબાણવાળી જગ્યા ખુલ્લી કરી દેવામાં આવી હતી. પાલિકાના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ જે સ્થળેથી દબાણો દુર કરાયા છે તે સ્થળે જો કોઈ દબાણકર્તા ફરીથી દબાણ કરવાનો પ્રયાસ કરીને કાચુપાકુ બાંધકામ કરશે તો તેને હટાવવા માટે થનાર ખર્ચ દબાણકર્તાએ ભોગવવો પડશે જેમાં નગરપાલિકા કોઈપણની શેહશરમ રાખશે નહી જેથી શહેરીજનોએ નગરપાલિકાની પરવાનગી લીધા બાદ યોગ્ય નિયમોનું પાલન કરીને બાંધકામ કરવુ હિતાવહ છે.

# લોકરક્ષક દળની ભરતીમાં મહિલાની જેમ પુરૂષ ઉમેદવારોની જગ્યામાં વધારો કરવા માંગ

### ડીસામાં એલઆરડી ઉમેદવારોએ આવેદનપત્ર આપી વિરોધ નોંધાવ્યો

લોકરક્ષક દળની ભરતીમાં સરકાર દ્વારા મહિલા ઉમેદવારોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. જેથી પુરૂષ ઉમેદવારોને અન્યાય થતો હોઈ બુધવારે ડીસા મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.



ગુજરાત સરકાર દ્વારા લોકરક્ષક દળની ભરતીમાં કોઈ પણ જાતની પૂર્વ જાણકારી આપ્યા વગર સુપર ન્યુમરરીનો ઉપયોગ કરી માત્ર મહિલા સંવર્ગ માં ૨૪૮૫ જેટલી જગ્યાનો વધારો કરવામાં આવ્યો છે. જેથી પુરૂષ ઉમેદવારોમાં અન્યાય અને સમાનતાના હક ભંગ થયાની લાગણી પ્રસરી જવા પામી છે. આથી બુધવારે પુરૂષ ઉમેદવારોએ ડીસા શહેર મામલતદાર કચેરી ખાતે ન્યાય થી વંચિત લોકરક્ષક પરીક્ષા પાસ કરેલ ઉમેદવારોએ મહિલાઓની સમકક્ષ પુરૂષોને પણ જગ્યા વધારી આપવામાં આવે તેવી માંગ કરતું આવેદનપત્ર મામલતદાર ડી.વી.વણકરને આપવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, માત્ર બહેનોની જગ્યા વધારવા થી બંધારણમાં આપેલ ૩૩ ટકા મહિલા અનામત વધી ને ૪૬ ટકા જેટલી થઈ જાય છે. જે ભરતી પ્રક્રિયાના અનામતના નિયમનો પણ ભંગ થાય છે તો પુરૂષ વિભાગમાં પણ સમાનતા જળવાય એ રીતે જગ્યામાં વધારો કરવામાં આવે તો ન્ઈઇ પાસ બેરોજગાર ઉમેદવારોને ન્યાય મળી શકે એમ છે.